**ઘર ભાડા ભથ્થાં (HRA) ના**
**દરમાં સુધારણા કરવા બાબત**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૨૨/ઓ–૩૬૦/પગાર એકમ (ચ)**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ: ૨૪/૦૯/૨૦૨૨**

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો તા.૨૦/૦૧/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૯૮/૧૦/મ
(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૫/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૦૭/૨૦૧૬/ચ
(૩) નાણા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૦૯/૭/પે સેલ (મ)
(૪) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ જાહેરનામા તા.૧૯/૦૮/૨૦૧૬
(૫) ભારત સરકારનું તા.૦૭/૦૭/૨૦૧૭ નું ઓ.એમ.ક્રમાંક: ૨/૫/૨૦૧૭–ઈ.II (બી)

**આમુખ:**

નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૦૮ ના ઠરાવથી રાજ્યના શહેરોને અ–૧, અ, બ–૧, બ–૨ તેમજ ક વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવેલ હતા. ગુજરાત રાજ્ય (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના અમલ બાદ નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના ઠરાવથી આ શહેરોને “X”, “Y”, તથા “Z” મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ હતા તથા ઘર ભાડા ભથ્થાં (HRA) ના દરની સુધારણા કરવામાં આવેલ હતી. હાલમાં આ વર્ગીકરણના આધારે રાજ્યના કર્મચારીઓને ઘર ભાડા ભથ્થું (HRA) ચુકવવામાં આવે છે.

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ ના અમલ બાદ રાજ્યના કર્મચારીઓના કિસ્સામાં ઘર ભાડા ભથ્થાં (HRA) ના દરની સુધારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં ઘર ભાડા ભથ્થાં (HRA) ના દરની નીચે મુજબ સુધારણા કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. ઘર ભાડા ભથ્થું (HRA) નીચે દર્શાવેલ દર મુજબ મળવાપાત્ર થશે.

| ક્રમ | શહેરો/નગરોનું વર્ગીકરણ | ઘર ભાડા ભથ્થાનો માસિક દર ફક્ત મૂળ પગારના ટકા |
|---|---|---|
| ૧. | X | ૨૪ % |
| ૨. | Y | ૧૬ % |
| ૩. | Z | ૮ % |

૨. ઘર ભાડા ભથ્થું (HRA) ચુકવવાના હેતુ માટે શહેરોનું વર્ગીકરણ કરતા હુકમો હવે પછી બહાર પાડવામાં આવશે.

૩. ઘર ભાડા ભથ્થાં (HRA) ની મંજૂરી સંદર્ભેની અન્ય લાગુ પડતી જોગવાઇઓ તથા ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨ માં દર્શાવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪.  આ ઠરાવના અમલ સંદર્ભે 'મૂળ પગાર' એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ માં વ્યાખ્યા કર્યા મુજબનો મૂળ પગાર ગણવાનો રહેશે.

૫.  આ હુકમો પંચાયત સેવાના કર્મચારીઓ તેમજ ગ્રાન્ટ–ઇન–એઇડ સંસ્થાના કર્મચારીઓ કે જેઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ મુજબના પગાર ધોરણ સુધારણાના લાભ સરકારશ્રીની સ્પષ્ટ મંજૂરીથી આપવામાં આવેલ હોય તેઓને પણ સમાન રીતે લાગુ પડશે.

૬.  આ ઠરાવનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૨ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીનલ એન. ચૌધરી)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના:**

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુલનલ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ
આઈટી કોઓર્ડીનેટર–નાણા વિભાગ– આ ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
-----------------------------

* પત્ર દ્વારા